ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.

Date : 20th July, 2019

પ્રતિ,
તંત્રી શ્રી,

............................................................................,

ભાવનગર.

**લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા કરાયેલ ઉજવણી**

**ચંદ્ર પર માનવીના પ્રથમ કદમને આજે ૫૦ વર્ષ પૂર્ણ : 41 વ્યક્તિએ ફિલ્મ નિહાળી**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા પ્રત્યેક જિલ્લામાં ગુજરાત સરકાર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી સતત કાર્યરત છે.

જે અંતર્ગત, ૨૦ મી જુલાઈ, ૧૯૬૯ ના રોજ વિશ્વનું એક સ્વપ્ન હકીકતમાં પરિણમ્યું, હતું દુરથી દેખાતા એ સુંદર ચાંદની ધરતી પર પ્રથમવાર કોઈ પૃથ્વીવાસીનું ઐતિહાસિક કદમ. અમેરિકાની અવકાશીય સંશોધન સંસ્થા NASA દ્વારા પ્રથમવાર Apollo 11ની મદદથી ચંદ્રની સપાટી પર નીલ આર્મસ્ટ્રોંગ અને બઝ એલ્ડ્રીને ઉતરાણ કર્યું. એમની સાથે માઈકલ કોલીન્સ પણ આ મિશનનો એક ભાગ રહ્યા હતા. આજે આ Apollo 11 મિશનને ૫૦ વર્ષ પૂર્ણ થયા છે, એટલે કે ચંદ્ર પર પહોચનાર પ્રથમ માનવીને આ સ્વપ્ન પૂરું થયાને આજે ૫૦ વર્ષ પુરા થયા છે.

**Apollo 11 મિશનની સફળતાની લોકોને સમજુતી આપવા તા. ૨૦ જુલાઈ, ૨૦૧૯ને શનિવારના રોજ સાંજે ૬.૧૫ કલાકથી રાત્રીના ૭:30 કલાક સુધી લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ખાતે Apollo 11 મિશનની ફિલ્મ શોનું આયોજન કરવામાં આવેલ. આ ફિલ્મમાં Apollo મિશનની શરૂઆત અને તેની સાથે જોડાયેલ રસપ્રદ વાતો અને નવીનતમ ટેકનોલોજી વિષે માહિતી મેળવીને લોકો અભિભૂત થયેલ. કુલ 41 લોકો એ આ નિ:શુલ્ક ડોક્યુમેન્ટ્રી શોનો આનંદ મેળવેલ.**

20-7-19
7:30 PM

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.



follow us on KRCSCBhavnagar

Also like our facebook Pages : krcscbhavnagarpage | EBCBhavnagar | CreativeCHEMISTRYClub | BACBhavnagar | bapukhagolmelaBhavnagar | VIPNETClubBhavnagarGJ0013 | BURDBhavnagar